ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# મહિલાના માથે પાણી અને પરિવારની જવાબદારીનો બોજ

ગાંધીનગરના ગ્રામીણ પરિવારોની ૩૦ ટકા મહિલાઓને પીવાનુ પાણી મેળવવા માટે દરરોજ ઘરથી નજીક કે દૂરના સ્થળે જવું પડે છે. જ્યારે ગાંધીનગર શહેરમાં પણ ઘણા પરિવારોની મહિલાઓને ઘરમાં સીધુ નળ વાટે પાણી મળતુ ન હોવાના કારણે પીવાનુ પાણી મેળવવા બહાર જવુ પડે છે. અલબત્ત ગાંધીનગરની ગ્રામીણ મહિલાઓની સરખામણીએ તેમની ટકાવારી અડધાથી ઓછી છે. અલબત્ત ગુજરાતની સરખામણીએ ગાંધીનગરની સ્થિતિ સારી છે. પરંતુ જો ગાંધીનગર શહેર અને ગ્રામીણ ગાંધીનગરની વાત વિચારીએ તો રાજ્યના પાટનગર તરીકે આ બાબત સારી ન કહેવાય. ઘર પરિવારની મહિલાઓને ઘરના સભ્યોના પીવાના માટેની જરૂરીયાત માટે ઘરથી નજીક કે ઘરથી દૂર પાણી લેવા જવુ પડે એનાથી રાજ્ય અને રાષ્ટ્રના જીડીપીના આંકડાઓનું ચિત્ર



ગણતરીમાં ગાંધીનગર
પ્રા. ડો. રાજેન્દ્ર જાની

## સામાજિક વિકાસમાં મહિલાનો વિચાર હજુ થતો નથી

નબળુ પડે છે. આ પરથી એમ કહી શકાય કે આર્થિક વિકાસ અને સામાજિક વિકાસનો લાભ પરિવારની મહિલા સુધી હજુ આપણે પહોંચાડી શક્યા નથી અહીં એ સ્પષ્ટતા પણ કરવાની સેન્સસના આંકડાઓના આધારે જે વિશ્લેષણ કરવામાં આવ્યું છે તેમાં કયા પરિવારને ઘરથી નજીક કે ઘરથી દૂરના સ્થળે પીવાના પાણી મેળવવા જવા અંગેના આંકડા છે. પીવાના પાણી મેળવવાની વાત પરિવારની ભલે હોય પણ પરિવારમાંથી આ કામ તો મહિલાઓનું છે એમ મહિલા ઉપર જ થોપવામાં આવેલું છે, એટલે પીવાનું પાણી ભરવા માટે પરિવારની મહિલાને જ માથે જવાબદારી હશે એ કાચી ધારણાને આધારે સમજાવવાનો પ્રયાસ કર્યો છે પરંતુ કાચી ધારણા સત્યની તદ્દન નજીક છે અથવા તો સત્ય છે. ઘરની કામકાજી મહિલાઓ માટે પીવાનું પાણી મેળવી લેવાનું કામ માથે ચડાવી દેવાયું છે. ઘરની મહિલા ભલે ઘરના તમામ કામો કરતી હોય પરંતુ એના કામમાં આર્થિક ઉપાર્જન સીધુ ન હોવાથી એને સમાજ વ્યવસાયી મહિલા ગણતો નથી. ઘરની મહિલાઓ પણ જો કોઈ નોકરી વ્યવસાય ના કરતી હોય તો એને પુછાયેલા જવાબમાં એમ જ કહે છે 'ઘરે છું, ગૃહિણી છું, આ જવાબમાં ખુદ મહિલાએ જ બદલાવ લાવવો પડશે તો સમાજ બદલી શકાશે. અલબત્ત પીવાનું પાણી મેળવવા ઘરની નજીક કે દૂરના સ્થળે દોટ મૂકતી મહિલાઓની મહેનત-મથામણ સાથે આ વિચાર રજૂ કર્યો છે જો ઘરમાં પાણી ન આવતું હોય અને મહિલાને પાણી માટે ઘરની બહાર જવું પડતું હોઈ એની સ્થિતિનો વિચાર કરવા જેવો છે. એક અહેવાલ અનુસાર જે સ્ત્રીઓને પીવાનું પાણી ભરવા માટે બહાર જવું પડે છે તેઓને સરેરાશ ઘરથી ૨૦૦ મીટરથી ૫ કિ.મી. દૂર સુધી પાણી મેળવવા જવું પડે છે. દરરોજ લગભગ સરેરાશ ૨૦ મિનિટ તેને આવતા-જતા ચાલવુ પડે છે અને

● અનુસંધાન પાના - ૭ પર

# આજથી ગાંધીનગરના આંગણે વસંતોત્સવ

**નદીના કોતરમાં વૈવિધ્યસભર નૃત્યો - હસ્તકલાના નમુના આકર્ષણ જમાવશે : મુલાકાતીઓને સ્પોર્ટસ એડવેન્ચરનો પણ લાભ મળશે : ૧૦ દિવસીય વસંતોત્સવની ઉજવણી નગરજનોમાં આકર્ષણનુ કેન્દ્ર બનશે.**





ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં વસંતના વધામણા કરવા માટે અનેકવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. વાસંતી વાયરાને ગીત સંગીતના સુરોથી તરબતર કરવા માટે પણ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. જયારે દરવર્ષની જેમ આ વર્ષે પણ નગરના પાદરે વસંતોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જ માર્ગ પર સ્થિત સંસ્કૃતિ કુંજમાં દેશના વિવિધ પ્રદેશોની કલા અને સંસ્કૃતિના બેનમુન નમુના રજુ થશે. વૈવિધ્યસભર સાંસ્કૃતિક નૃત્યો ઉપરાંત હસ્તકલાના નમુનાઓ પણ આકર્ષણ જમાવશે. તા ૧૮ થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન ૧૦ દિવસના આ ઉત્સવમાં અનેક કલાપ્રેમીઓ ભાગ લેશે. ૧૦ દિવસીય આ મહોત્સવ દરમિયાન રાષ્ટ્રીય કલાકૃતિના નમુનાઓ ઉપરાંત રાત્રિના સમય દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ હસ્તકલા હાટ પ્રદર્શન પણ યોજાશે. જયોર સંસ્કૃતિકુંજની કોતરોમાં વસંતોત્સવની સાથે એડવેન્ચર સ્પોર્ટસનુ પણ આયોજન કરાયુ છે. જેમાં એડવેન્ચરને લગતી વિવિધ રમતોનુ આયોજન પણ કરાયુ છે. ગુજરાતના આદિવાસી તેમજ તુરી બારોટ સમાજના કલાકારો પણ મંચ પરથી વિવિધ નૃત્યો રજુ કરશે.

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિના વિભાગ આયોજિત આ વસંતોત્સવમાં આ વર્ષે સ્પોર્ટસ એડવેન્ચરનુ નવુ આકર્ષણ ઉમેરાશે. ૧૦ દિવસ દરમિયાન સાંજે ૫ થી ૯ કલાક દરમિયાન રાજસ્થાનનુ ભપંગવાદન

● અનુસંધાન પાના - ૭ પર

# છેલ્લે.. છેલ્લે..

● પાલનપુર ઠાકોર સમાજની ચિંતન શિબિરમાં હોબાળો : અલ્પેશ ઠાકોરનું નામ લેવાતા જ ભારે હોબાળો મચી ગયો હતો.

● રાજસ્થાનથી અમદાવાદ આવતી લકઝરી બસને મંડાલી ગામ પાસે અકસ્માત નડયો હતો. રોડની સાઈડમાં પાર્ક ટેન્કરને બસ ધડાકાભેર અથડાતા બસના કંડકટરનું મૃત્યુ નીપજયું હતું જયારે ૨૦ને ઈજાઓ થઈ હતી.

● વડોદરામાં સ્વાઈન ફ્લુથી બેના મૃત્યુ નિપજયા છે જયારે ૧૮ પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં એક ધારાસભ્ય પણ સ્વાઈન ફ્લુની ચપેટમાં આવી ગયા છે.

● ઉધના સિટી ઈન્ડસ્ટ્રી એસ્ટેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ગેસ લીકેજના કારણે આગ લાગતા આસપાસ રહેતા લોકોમાં ભાગ દોડ મચી ગઈ હતી.

● ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની હત્યાના કેસમાં છબીલ પટેલની મુશ્કેલી વધી શકે છે. ભાગેડુ જાહેર કરાયેલા છબીલ પટેલ વિરુધ્ધ તપાસ એજન્સી રેડ કોર્નર નોટિસ ઈશ્યુ કરી શકે છે.

● સુરતથી શાહજહાની પ્રથમ ઈન્ટરનેશનલ ફ્લાઈટનો પ્રારંભ થયો છે. પહેલી જ ફ્લાઈટને જબરજસ્ત રિસ્પોન્સ મળ્યો હતો. પુલવામાના શહીદોને ફ્લાઈટમાં શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

● બારડોલીમાં હાફ મેરેથોન ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. એકટ્રેસ અમિષા પટેલ, એકટર ચંકી પાંડે અને આર્મી ટ્રેનર સિફુજી ભારદ્વાજે હાફ મેરેથોનને લીલીઝંડી આપી હતી.

● જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે આતંકી હુમલા બાદ ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયામાં સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. પોરબંદર મરીન પોલીસ, કોસ્ટગાર્ડ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા અરબી સમુદ્રમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર ડેપોને તબક્કવાર હજુ નવી બી એસ ફોર બસોની ફાળવણી કરાશે

**અગાઉ ૨૫ બસોનુ લોકાર્પણ કરાયુ હતુ : પ્રદુષણની સમસ્યાને ડામવા નવા બી એસ ફોર એન્જિનની બસોની તબક્કાવાર ફાળવણી કરાશે**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં નવી ૨૫ બસોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ છે.જયારે પ્રદુષણને ડામવા માટે નવી બી એસ ફોર એન્જિન ધરાવતી આ નવી બસો ગાંધીનગર અમદાવાદ રૂટમાં દોડાવાશે. ગાંધીનગર ડેપો પાસે હાલ કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી એક પણ બસ નથી જયારે બહારગામના રૂટમાં દોડતી એક બસ પણ બદલી નાંખવામાં આવી છે. પરંતુ આગામી દિવસોમાં એસ ટી ડેપોને તબક્કાવાર તમામ નવી બસો ફાળવવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો હજુ પણ ભારોભાર અભાવ વર્તાય છે. દાયકાઓના અંતે પણ શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં મુસાફરોને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓ તેમજ સલામતીનો મુદ્દો રામભરોસે છે. જેના લીધે એસ ટી ડેપો સંકુલમાં આવતા મુસાફરોમાં ભયની લાગણી છે. બીજીતરફ મુસાફરો માટે જરૂરી સુવિધાઓનો પણ અભાવ વર્તાય છે. આવા સંજોગોમાં સલામત સવારીની સેવા સામે પણ અનેક સવાલો મંડરાય છે. સલામત સવારીના રૂટમાં જરૂરી ફેરફાર કરવા માટે પણ અગાઉ આયોજન કરાયુ હતુ. જયારે એસ ટીની ખખડધજ બસોના લીધે બ્રેક ડાઉનની ફરિયાદો પણ વધી હતી. ડિઝલ બસો કાળ ડીંબાંગ ધુમાડા ઓકતી હોવાના લીધે પ્રદુષણનુ પ્રમાણ પણ વધ્યુ છે. આ સ્થિતિમાં

● અનુસંધાન પાના - ૭ પર

# રાજ્યના પાંચ જિલ્લામાં ૨૬મી ફેબ્રુઆરીથી લોકરક્ષકોની શારીરિક કસોટી લેવાશે

**કેટલા ગુણ મેળવનાર ઉમેદવારોને શારીરિક કસોટી માટે બોલાવવાને બાબતે ટૂંક જ સમયમાં જાહેરાત કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત પોલીસ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારોની શારીરિક કસોટી આગામી ૨૬ ફેબ્રુઆરીથી ૯મી માર્ચ ૨૦૧૯ સુધી છ જુદા જુદા સ્થળોએ યોજાશે. કયા ઉમેદવારોને શારીરિક કસોટી માટે બોલાવવામાં આવશે તે બાબતે એક બે દિવસમાં જ ભરતી બોર્ડ દ્વારા વેબસાઈટ ઉપર જાહેરાત કરવામાં આવશે અને મેરીટ જાહેર કરવામાં આવશે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા ૬ જાન્યુઆરી-૨૦૧૯ના રોજ લેવાઈ હતી. આ પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોની શારીરિક કસોટી તા. ૨૬મી ફેબ્રુઆરીથી શરૂ થશે. આ શારીરિક કસોટી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે યોજાશે. આ માટે પોલીસ વિભાગ દ્વારા ગ્રાઉન્ડ પરની તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે અને સુપરવિઝન અધિકારી તથા ગ્રાઉન્ડ ઈન્ચાર્જ અધિકારીઓની નિમણુંક પણ કરી દિધી છે. ઉપરાંત તમામ છ શારીરિક કસોટી કેન્દ્ર પર ૧ એએસપી, ૧ ડીવાયએસપી, ૪ પી.આઈ., ૯ પીએસઆઈ અને ૪૭ પોલીસ કર્મીઓ સહિતનો બંદોબસ્ત ફાળવી દીધો છે.

# આજથી વિધાનસભા બજેટ સત્ર

**ચુસ્ત પોલી બંદોબસ્ત ગોઠવાયો : સત્રના છેલ્લા દિવસે વિધાનસભા ઘેરાવના કાર્યક્રમને પગલે લોખંડી પોલીસ પહેરો રહેશે : વિધાનસભા આસપાસ એન્ટી મોરચા ટીમો પણ સક્રિય રહેશે**





ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આવતી કાલે સોમવારથી શરૂ થનાર છે ત્યારે પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આપવામાં આવેલા વિધાનસભા ઘેરાવના કાર્યક્રમને પગલે પોલીસે વિધાનસભાની સુરક્ષા સજ્જડ કરી દીધી છે. વિધાનસભા ઘેરાવ કાર્યક્રમ નિષ્ફળ બનાવવા પોલીસે અલગથી બંદોબસ્ત સ્કિમ તૈયાર કરી છે. જેમાં એસપીના સુપરવિઝન હેઠળ ૫૦૦ થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ બંદોબસ્તમાં તેનાત રહેશે અને પાંચ અલગ અલગ એન્ટી મોરચા સ્કવોર્ડ સક્રિય રહેશે.

ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસે બંદોબસ્ત તૈયાર કર્યો છે જે વિધાનસભાનો અને નવા સચિવાલયનો બંદોબસ્ત કવર કરશે. આ બંદોબસ્તમાં એક એસ.પી, પાંચ ડીવાયએસપી, ૧૫ પી.આઈ, ૫૦ પી.એસ.આઈ, ૩૦૦ પોલીસ, ત્રણ કંપની એસ.આર.પી, ૮૦ મહિલા પોલીસ, ૨૦ ટ્રાફિક પોલીસ, બે ટીમ બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેકશન સ્કવોર્ડ અને એક કિવક રિસ્પોન્સ ટીમ તૈનાત કરવામાં આવશે. વિધાનસભાના સત્રના છેલ્લા દિવસે ૨૨ તારીખે પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વિવિધ મુદ્દાઓને અનુસંધાને વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જેને ગંભીરતાથી લઈને પોલીસ દ્વારા વિધાનસભાને થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. પાંચ અલગ અલગ એન્ટી મોરચા સ્કવોડ બનાવવામાં આવી છે જે વિધાનસભા ની અંદર , વિધાનસભાના પ્રવેશદ્વારે તથા સત્યાગ્રહ છાવણી સહિતના અલગ-અલગ સ્થળોએ તેનાત રાખવામાં આવશે.

# પ્રાથમિક શિક્ષકો ૨૨મીએ વિધાનસભાનો ઘેરાવ કરશે

**દસ હજાર પ્રાથમિક શિક્ષકો માસ સીએલ પર જઈ ઘેરાવમાં જોડાશે**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષકો આગામી ૨૨મી ફેબ્રુઆરીએ માસ સીએલ ઉપર જઈ ગાંધીનગરમાં વિધાનસભાનો ઘેરાવ કરશે. દસ હજાર જેટલા શિક્ષકો આ વિધાનસભા ઘેરાવમાં જોડાશે અને પોતાની પડતર માંગોને લઈ મુખ્યમંત્રીને સ્મૃતિપત્ર આપશે.

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા બે દિવસ અગાઉ જ ૧૯૯૭ની સળંગ સિનિયોરીટી બાબતે ગાંધીનગર ખાતે ધરણાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ ધારાસભ્ય અને સંસદસભ્યને આવેનદપત્ર પણ આપવામાં આવ્યા હતા. તેમ છતાં રાજય સરકાર દ્વારા શિસ્ત, સંયમ અને સહકારની ભાવનાવાળા શિક્ષક સમુદાયની અવગણના કરવામાં આવી રહી છે. સમગ્ર રાજયના શિક્ષકોને સરકાર દ્વારા અન્યાય થઈ રહ્યો છે. આ મામલે આગામી ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સમગ્ર ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષકો માસ સીએલ ઉપર જશે તથા સમગ્ર રાજયમાંથી અંદાજે દસ હજાર જેટલા શિક્ષકો વિધાનસભાનો ઘેરાવો કરી મુખ્યમંત્રીને ૧૯૯૭ની સળંગ સિનિયોરીટી બાબતે સ્મૃતિપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૨૨મીના રોજ ચાણકય ભવન ગાંધીનર ખાતે સવારે ૧૧.૩૦ કલાકે વિધાનસભાનો ઘેરાવો કરવા માટે ઉપસ્થિત રહેવા સંઘ પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ અનુરોધ કર્યો છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

## બેસણું



અમારા પરમ પૂજ્ય માતુશ્રી **ઈશાબેન બાબુજી ઠાકોરનું** તા. ૧૩/૨/૨૦૧૯ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૮/૨/૨૦૧૯ને સોમવારના રોજ સવારે ૯-૩૦થી ૧-૦૦ કલાક** દરમિયાન રાખેલ છે.

**સ્થળ : વાણીયાવાસ, ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર**

ગાંડાજી ભેમાજી ઠાકોર
સ્વ. સવધાનજી ભેમાજી ઠાકોર
બાબુજી ભેમાજી ઠાકોર (પતિ)
બળદેવજી ભેમાજી ઠાકોર
શાગાજી ભેમાજી ઠાકોર
ચંદુજી અમાજી ઠાકોર
મંગાજી ગબાજી ઠાકોર
સોનાજી ગાંડાજી ઠાકોર
બકાજી સવધાનજી ઠાકોર
કાળાજી બાબુજી ઠાકોર (પુત્ર)
જીવણજી બળદેવજી ઠાકોર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com